પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૪૮ | ૭ ઓગસ્ટ, ૨૦૨૧, શનિવાર; અષાઢ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ગોગરામાંથી ભારત-ચીને સેના પાછી હટાવી



## કમાન્ડર સ્તરે થયેલી ૧૨મી બેઠક સફળ સાબિત થઈ

ન્યુ દિલ્હી,તા.૬

ભારત-ચીન સરહદ પર ડિસઈંગેઝમેન્ટને લઈને ભારતીય સેનાનું મોટું નિવેદન આવ્યું છે. ભારત અને ચીનની ટુકડીઓ પૂર્વ લદ્દાખના ગોગરા વિસ્તારમાંથી પાછળ હટી છે. બંને પક્ષો વચ્ચે ૧૨મા રાઉન્ડની વાતચીતમાં થયેલી સર્વસંમતિના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે. ગોગરામાં કામચલાઉ બાંધકામો પણ દૂર કરવામાં આવ્યા છે. ભારતીય સેનાએ શુક્રવારે આ માહિતી આપી હતી. સેનાએ કહ્યું કે બંને પક્ષો દ્વારા બાંધવામાં આવેલ અન્ય માળખાગત સુવિધાઓનો નાશ કરવામાં આવ્યો છે અને આની પુષ્ટિ પણ કરવામાં આવી છે. સેનાએ કહ્યું કે, ૪-૫ ઓગસ્ટના રોજ બંને દેશોની સેનાઓ ગોગરા ચોકી પરથી ખસી ગઈ. બંને પક્ષો હવે પોતપોતાના કાયમી સ્થાનો પર તૈનાત છે.

ભારતીય સેનાએ જણાવ્યું હતું કે, બંને પક્ષો દ્વારા આ

● અનુસંધાન પાન-૭ પર

## મોદીએ ખેલાડીઓ સાથે વાત કરી, મહિલા ખેલાડીઓ રડી પડી

### ભારતીય મહિલા ટીમ પર દેશ ફિદા : મોદીનું ટીમને આશ્વાસન, ભલે મેડલ ના આવ્યો પણ તમારો પરસેવો દેશની કરોડો દીકરી માટે પ્રેરણા બન્યો

નવી દિલ્હી, તા.૬

ટોકિયો ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ મેચમાં બ્રિટન સામે જોરદાર લડત આપનાર ભારતીય હોકી ટીમ પર દેશ ફીદા છે. થોડા માટે મેચ હારીને પણ ભારતીય મહિલા હોકી ટીમ લોકોના દીલ જીતી ચુકી છે ત્યારે મેચ હાર્યા બાદ પીએમ મોદીએ હોકી ટીમની ખેલાડીઓ અને કોચ સાથે ફોન પર વાત કરી હતી. ફોન પર વાત કરતી વખતે હોકી ટીમની ખેલાડીઓની આંખમાંથી આંસુ સરી પડ્યા હતા.પીએમ મોદીએ ખેલાડીઓને કહ્યુ હતુ કે, ભલે મેડલ ના આવ્યો હોય પણ તમારો પરસેવો દેશની કરોડો દીકરીઓ માટે પ્રેરણા બની ગયો છે. હું તમામ પ્લેયર્સ અને તમારા કોચને અભિનંદન આપુ છું. પીએમ મોદીએ આ દરમિયાન ખેલાડી નવનીત કૌરને થયેલી ઈજા અંગે પણ પૂછ્યુ હતુ અને કહ્યુ હતુ કે, તેને આંખમાં તો વાગ્યુ નથી ને....

પીએમ મોદીએ સાથે સાથે કહ્યુ હતુ કે, તમારે રડવાનુ નથી, તમારા રડવાનો અવાજ મને સંભળાઈ રહ્યો છે, તમારે નિરાશ થવાની જરૂર નથી, આખો દેશ તમારા પર ગર્વ કરી રહ્ય છે. તમારી મહેનતથી જ હોકીની ઓળખ ફરી જીવંત થઈ રહી છે.



### મહિલા હોકી ટીમના મુખ્ય કોચ શોર્ડ મારિનનું રાજીનામું

નવી દિલ્હી, તા.૬

ભારતીય મહિલા હોકી ટીમના મુખ્ય કોચ શોર્ડ મારિને ચોંકાવનારો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું કે ઓલિમ્પિક ગેમ્સમાં ગ્રેટ બ્રિટન વિરુદ્ધ બ્રોન્ઝ મેડલનો પ્લેઓફ મુકાબલો આ ટીમ સાથે તેમની છેલ્લી જવાબદારી હતી. ગ્રેટ બ્રિટન વિરુદ્ધ ભારતીય મહિલા હોકી ટીમે ૩-૪થી હારનો સામનો કરવો પડ્યો. આ મેચ પૂરી થયાના ગણતરીના કલાકોમાં કોચ શોર્ડ મારિને રાજીનામું આપવાની જાહેરાત કરી.

## રાજૌરીમાં સેના દ્વારા બે આતંકી ઠાર

શ્રી નગર, તા.૬

જમ્મુ સંભાગના રાજૌરી જિલ્લામાં થાનામંડી વિસ્તારમાં આતંકીઓ અને સેનાની વચ્ચે અથડામણ ચાલી રહી છે. અત્યાર સુધી બે આતંકીઓને મારવામાં સફળતા મળી છે.

અથડામણમાં મારવામા આવેલા અને અન્ય ઘેરાયેલા આતંકી દક્ષિણ કાશ્મીરથી રાજૌરી પહોંચ્યા હતા. આ આતંકી સમૂહમાં બે વિદેશી આતંકીઓના હોવાની પણ આશંકા છે. ગયા બે અઠવાડિયાથી ખાનગી એજન્સીઓ આ આતંકી સમૂહ પર ઈલેક્ટ્રોનિક સર્વિલાંસ દ્વારા નજર રાખવામાં આવી હતી.

## રાજીવ ગાંધી ખેલરત્ન પુરસ્કાર મેજર ધ્યાનચંદના નામે ઓળખાશે

નવી દિલ્હી, તા.૬

ભારતમાં રમત-ગમત ક્ષેત્રે અપાતા મહત્વના ખેલ રત્ન પુરસ્કારનું નામ હવે મેજર ધ્યાનચંદ રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ખેલ રત્ન પુરસ્કારનું નામ મેજર ધ્યાનચંદના નામે રાખવામાં આવશે. મોદીએ કહ્યું કે મેજર ધ્યાનચંદના નામે ખેલ રત્ન પુરસ્કાર રાખવા માટે દેશભરમાંથી ઘણાં નાગરિકો રજૂઆત કરી રહ્યા છે. હું તેમના વિચારો અંગે તેમનો આભાર વ્યક્ત કરું છું. તેમની ભાવનાનું સન્માન કરીને, ખેલ રત્ન પુરસ્કારને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર કહેવામાં આવશે.

**અનેક દેશવાસીઓએ ખેલ રત્ન પુરસ્કારનું નામ મેજર ધ્યાનચંદજીને સમર્પિત કરવાની માગણી કરતા વડાપ્રધાન મોદી દ્વારા નામ બદલવામાં આવ્યું**

હોકીમાં ભારતીય ખેલાડીઓના સારા પ્રદર્શન વચ્ચે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, દેશને ગર્વિત કરનારી પળો વચ્ચે અનેક દેશવાસીઓએ એવો આગ્રહ કર્યો છે કે ખેલ રત્ન પુરસ્કારનું નામ મેજર ધ્યાનચંદજીને સમર્પિત કરવામાં આવે. લોકોની ભાવનાઓને જોતા, તેનું નામ હવે મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર કરવામાં આવી રહ્યું છે.

વડાપ્રધાને આ અંગે ટ્વિટ કરીને લખ્યું છે કે, ઓલિમ્પિક રમતોમાં ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રયાસથી આપણે સૌ અભિભૂત છીએ. ખાસ કરીને હોકીમાં અમારી દીકરીઓએ જે ઈચ્છાશક્તિ દર્શાવી છે, જીત પ્રત્યે જે જુસ્સો દર્શાવ્યો છે, વર્તમાન અને આવનારી પેઢીઓ માટે તે પ્રેરણાદાયી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, મેજર ધ્યાનચંદ ભારતના એક અગ્રણી ખેલાડીઓમાંથી છે જેમણે ભારત માટે સન્માન અને ગૌરવ અર્જિત કર્યા.

રાહત દર... | યોગઃ કર્મસુ કૌશલમ્ | ઉત્તમ આરોગ્ય સેવાઓ...

ગાંધીનગરના ગ્રામીણ વિસ્તારનું વિશ્વાસપાત્ર આરોગ્યધામ

શ્રી મફતલાલ બાપુદાસ પટેલ સાર્વજનિક હોસ્પિટલ

શ્રીમતી સંતોકબેન મફતલાલ પટેલ માતૃશક્તિ બાળસંભાળ વિભાગ

મુ. ઈસનપુર મોટા, તા.જી. ગાંધીનગર. ફોન નં. ૦૭૯ - ૨૩૨૭૯૧૨૨ / ૨૩૨૭૯૧૪૪



- આંખ વિભાગમાં કોમ્પ્યુટરથી આંખના નંબર તપાસવા, ઝામરની ઓટોમેટીક મશીન તપાસ - સારવાર, મોતીયાના ઓપરેશન રાહતદરે કરવામાં આવે છે.
- દાંતની તપાસ, ફિક્સ દાંત, ચોકઠુ, વાંકાચૂંકા દાંત, રૂટકેનાલ વિગેરે સારવાર રાહતદરે કરવામાં આવે છે.
- લેપ્રોસ્કોપી સર્જરીના નિષ્ણાત (ગાયનેક) દ્વારા ગર્ભાશયની કોથળીના ઓપરેશન, સીઝેરીયન તથા નોર્મલ ડીલીવરી રાહતદરે કરવામાં આવે છે. કાચની પેટીની પ્રાથમિક સારવાર પણ ઉપલબ્ધ છે.
- જનરલ સર્જરીમાં મસા, એપેન્ડીક્ષ, સારણગાંઠ, પ્રોસ્ટેટની ગાંઠ, તમામ પથરી તથા કીડની સ્ટોન, પિત્તાશય, આંતરડા, સ્તન કેન્સર વિગેરે ઓપરેશન રાહતદરે થાય છે.
- લેબોરેટરી ● સોનોગ્રાફી ● ડિઝિટલ એક્સ-રે વિગેરે રાહતદરે કરવામાં આવે છે
- ફીઝીયોથેરેપી સેન્ટરમાં કમર / ગરદન, ખભા, ઢીંચણનો વા કે સાંધા - સ્નાયુઓના વાની સારવાર આધુનિક સાધનો તથા મીણના શેકથી સારવાર કરવામાં આવે છે.
- ઈકો સેન્ટરમાં 2D ઈકોની સગવડ છે.
- કીડની ડાયાલીસીસ સેન્ટરની સેવા પણ ઉપલબ્ધ છે.
- આયુષ્યમાન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના લાભાર્થીઓને નિયમોને આધીન રૂપિયા પાંચ લાખ સુધીની હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર નિઃશુલ્ક આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| ડો. હેતલભાઈ ચૌધરી - જનરલ સર્જન | સવારે ૯ થી ૧૨ | સાંજે ૪ થી ૫ |
| ડો. જય પટેલ (સ્ત્રી રોગ નિષ્ણાત) | સવારે ૯ થી ૧૨ | સાંજે ૪ થી ૫ |
| ડો. નિરજ ગોવાણી (એમ.ડી. ફિઝીશીયન, હૃદયરોગ, ડાયાબિટીસ નિષ્ણાત) | ------ | સાંજે ૨ થી ૪ |
| ડો. અર્પિત પોકાર (આર.એમ.ઓ.) | સવારે ૯ થી ૧૨ | સાંજે ૪ થી ૫ |
| ડો. યામિનીબેન પટેલ (એમ.બી.બી.એસ.) | સવારે ૧૦ થી ૫ | ---- |
| ડો. કૃણાલ પટેલ (બી.ડી.એસ., દાંતના સર્જન) | સવારે ૧૦ થી ૫ | ---- |
| ડો. હસમુખભાઈ પાટીલ (આંખની તપાસ) (ઓપ્ટોમેટ્રીક ફિઝીશીયન) | સવારે ૧૦ થી ૫ | ---- |
| ડો. સિદ્ધાર્થ માવાણી (નેફ્રોલોજીસ્ટ) | સોમવાર : સવારે ૧૦ કલાકે | |
| ડો. વૈભવ ચૌહાણ (કલર ડોપ્લરથી સોનોગ્રાફી) | સોમ, બુધ, શનિ : બપોરે ૨-૦૦ કલાકે | |
| ડો. કલ્પેશભાઈ રાજપૂત (આંખના રોગના નિષ્ણાત - ફેકો સર્જરી નિષ્ણાત) | સોમ, બુધ, શુક્ર : બપોરે ૧૨-૦૦ કલાકે | |
| ડો. રૂપેશ પટેલ (ઓર્થોપેડિક સર્જન) | મંગળ, ગુરૂ : બપોરે ૨-૦૦ કલાકે | |
| ડો. દર્શન શાહ (પ્રોસ્ટેટ, કિડનીની પથરી, પેશાબની નળીના દૂરબીનથી ઓપરેશન) | મંગળવાર : સવારે ૧૦-૦૦ કલાકે | |
| ડો. અલ્પેશ પટેલ (કાન, નાક, ગળાના નિષ્ણાત) | મંગળ અને શનિવાર : બપોરે ૧-૦૦ કલાકે | |
| ડો. દિપક લિંબાચીયા (લેપ્રોસ્કોપી) (ગાયનેક સર્જન) | બુધવારે : સવારે ૧૦-૦૦ કલાકે | |